ગાંધીનગર સમાચાર (પાના નં. ૦૮), તા. ૧૬.૦૯-૨૦૨૪

# આજે મેટ્રો રેલનુ પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ

## ગાંધીનગરના આંગણે આવેલ હરખના અવસરને ઉજવવા નગરજનોને મોટી સંખ્યામાં પધારવા અપીલ : નાગરિકો ઓવારણા લેવા ઉત્સુક : સે-૧ સ્ટેશનથી બપોરે ૧ :30 કલાકે મેટ્રો રેલનુ વડાપ્રધાન ઉદઘાટન કરશે : નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીનુ અભિવાદન કરશે

### મેટ્રોના સ્ટેશનના તમામ સ્ટેશન પર પણ પ્રધાનમંત્રીના સ્વાગત અભિવાદન માટે નાગરિકો ઉત્સુક : પ્રધાનમંત્રી મેટ્રો રેલની રાઇડ કરશે : સેકટર-૧ થી ગિફટ સીટીના રૂટમાં નાગરિકો ઠેર ઠેર પ્રધાનમંત્રીનુ અભિવાદન કરશે : રાયસણ અને જી એન એલ યુ સ્ટેશન પાસે નાગરિકો સાથે સંવાદ પણ કરશે

ગાંધીનગર તા ૧૫
ગાંધીનગરમાં હાઈટેક વિકાસના નવતર અભિગમ સાથે અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ તબક્કાવાર સાકાર થઈ રહી છે. જયારે હવે નગરજનોનુ મેટ્રો રેલનુ સ્વપ્ન પણ સાકાર થતા નાગરિકોમાં આનંદની લાગણી પ્રવર્તી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરના નાગરિકોને આજે મેટ્રો રેલની ભેટ આપવાના છે. વડાપ્રધાન ના હસ્તે સે-૧ મેટ્રો સ્ટેશનથી બપોરે ૧ : ૩૦ કલાકે મેટ્રો રેલનો શુભારંભ કરવામાં આવશે. જયારે પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી નગરજનોમાં પણ ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે મેટ્રો રેલના ઓવારણા લેવા પણ સ્થાનિકો ઉતાવળા બન્યા છે. પ્રધાનમંત્રી મેટ્રો રેલ પ્રોજેકટનુ આજે ઉદઘાટન કરશે ત્યારે મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રી મેટ્રો રેલની રાઈડ પણ કરવાના છે. ત્યારે મેટ્રોના રૂટમાં પણ



પ્રધાનમંત્રીનુ અભિવાદન કરવા નાગરિકો ઉત્સુક બન્યા છે. સે-૧ માં પ્રોજેકટના લોકાર્પણ પ્રસંગે પણ ભાજપના હોદેદારો, ધારાસભ્યો, નગરસેવકો, કાર્યકર્તાઓ તેમજ શહેર અને આસપાસના વિસ્તારના નાગરિકો મોટી સંખ્યામાં હાજરી આપશે.

નરેન્દ્ર મોદી સતત ત્રીજીવાર વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર ગુજરાતના પ્રવાસે આવ્યા છે. આ દરમિયાન રાત્રિ રોકાણ રાજભવનમાં કરશે. જયારે આ દરમિયાન ગાંધીનગરમાં ચોથી ગલોબલ રીઈન્વેસ્ટ રીન્યુએબલ એનર્જી સમિટનુ પણ ઉદઘાટન કરશે. આ ઉપરાંત અમદાવાદ જી એમ ડી સી ગ્રાઉન્ડ ખાતે પી એમ અવાસ યોજનાના ખાતમુહુર્ત તેમજ લોકાર્પણ સહીતના કાર્યક્રમમાં પણ હાજરી આપશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તા ૧૬ સપ્ટેમ્બરે સે-૧ સ્ટેશનથી બપોરે ૧ :૩૦ કલાકે મેટ્રો રેલ પ્રોજેકટનુ લોકાર્પણ કરશે. આ દરમિયાન તેઓ સે-૧ સ્થિત મેટ્રો સ્ટેશનની મુલાકાત લઈ નિરિક્ષણ કરશે જયારે આ દરમિયાન મેટ્રો રેલ પ્રોજેકટનો શુભારંભ કરાવશે. ગાંધીનગરમાં દાયકાઓના અંતે મેટ્રો રેલ શરૂ થવાની છે.

● અનુસંધાન પાન-૭ પર

# એરપોર્ટ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરાયું

## ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે પીએમ મોદી : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રી જગદીશ પંચાલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત

અમદાવાદ, તા.૧૫
વડાપ્રધાન મોદી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત



ગુજરાતની મુલાકાતે આવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે છે. ત્યારે અમદાવાદ એરપોર્ટ પર વડાપ્રધાન મોદી આવી પહોંચતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રી જગદીશ પંચાલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના જન્મદિવસના બે દિવસ પહેલા જ વતનમાં આવી ગયા છે. પીએમ મોદી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે છે. ત્યારે અમદાવાદ એરપોર્ટ પર વડાપ્રધાન મોદી આવી પહોંચતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રી જગદીશ પંચાલ દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

૧૭ સપ્ટેમ્બર સુધી વડાપ્રધાન મોદી ગુજરાતમાં જ રહેશે. ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો જન્મદિવસ પણ છે. ત્યારે પોતાના જન્મદિવસે સવારે ૯ કલાકે વડાપ્રધાન મોદી ગુજરાતથી ઓડિશા જવા માટે રવાના થશે.

આ મુલાકાત દરમિયાન તેઓ ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે બે રાત્રિ રોકાણ કરશે. જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત કેબિનેટના સભ્યો, સરકારના ઉચ્ચ અધિકારીઓ અને પ્રદેશના પ્રમુખ નેતાઓ સાથે મુલાકાત કરી વર્તમાન સ્થિતિ અંગે સમીક્ષા કરશે. પીએમ મોદી તાજેતરમાં ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આવેલા પૂરગ્રસ્ત વિસ્તારો અંગે પણ સમીક્ષા કરશે અને માર્ગદર્શન આપશે.

અનુસંધાન પાના નં. ૦૭

## લોકાર્પણ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ અન્વયે અગાઉ ટ્રાયર રન પણ લેવામાં આવ્યો હતો. હાઈટેક ટેકનોલોજી અને આધુનિક સુવિધાઓથી સજ્જ મેટ્રો રેલનુ પ્રધાનમંત્રીના હસ્તે ઉદઘાટન થવાનુ છે ત્યારે ગાંધીનગરના નાગરિકોમાં પણ પ્રબળ ઉત્તેજના પ્રવર્તી છે. ગાંધીનગર મહાનગર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રો રેલને પ્રસ્થાન કરાવાના છે ત્યારે તા ૧૬ સપ્ટેમ્પરે બપોરે ૧૨ : ૧૫ કલાકે સે-૧ મેટ્રો સ્ટેશન ખાતે સૌ હોદેદારો, ધારાસભ્યો , ચુંટાયેલી પાંખના નગર સેવકો કાર્યકર્તાઓ તેમજ નગરજનોને સમયસર સ્થળ પર ઉપસ્થિત રહેવા જણાંવાયુ છે. ગાંધીનગરમાં વર્ષોના અંતે કેપિટલ સ્ટેશનને પણ અદ્યતન રીતે વિકસાવાયુ છે. જયારે કેપિટલ સ્ટેશનથી નવી ટ્રેઈન સેવા પણ નાગરિકોને ઉપલબ્ધ થઈ રહી છે. સ્માર્ટ બનતા ગાંધીનગરની કાયાપલટ કરવામાં આવી રહી છે. એકબાદ એક વિકાસ પ્રોજેકટના લીધે નગરજનોને હાઈટેક સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે. એક જમાનામાં સુમસામ જોવા મળતા ગાંધીનગરના વિસ્તારની સાથે વિકાસે પણ હરણફાળ ભરી છે. વિકાસના નવા આયામો સાથે ગ્રીન કન્સેપ્ટને વેગ આપવાના અભિગમને અપનાવી શહેરનુ બ્યુટીફિકેશન પણ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં એકબાજુ ટ્રાફિકને અનુલક્ષી રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ઓછા ભાડામાં ઝડપી યાત્રા થાય તે માટે હવે નગરજનોને મેટ્રોની સવારી પણ નસીબ થવાની હોવાથી નગરજનોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. શહેરમાં મેટ્રો રેલ પ્રોજેકટને અનુલક્ષીને પણ નગરજનોનુ સ્વપ્ન સાકાર થયુ છે. ત્યારે સ્થાનિકો પણ મેટ્રો રેલના ઓવારણા લેવા ઉતાવળા બન્યા છે. મેટ્રોની રાઈડ લેવા માટે ઉત્સુક બન્યા છે. પ્રધાનમંત્રી મેટ્રો રેલ પ્રોજેકટનુ લોકાર્પણ કરવાના છે આ પ્રસંગે મોટી સંખ્યામાં નાગરિકો પણ ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી નાગરિકોમાં ઉત્તેજના પ્રવર્તી છે.

જયારે મેટ્રો રેલના ઉદઘાટન વેળાએ નગરજનો પણ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને પ્રધાનમંત્રીનુ અભિવાદન કરશે. પ્રધાનમંત્રી મેટ્રો રેલની રાઈડ પણ કરવાના છે. જયારે આ દરમિયાન રૂટમાં આવતા વિવિધ ૬ જેટલા સ્ટેશનો પર નાગરિકો પ્રધાનમંત્રીનુ હાથ ઉંચો કરી અભિવાદન કરવા પણ ઉત્સુક બન્યા છે. પ્રધાનમંત્રીના સ્વાગત અને મેટ્રો રેલના ઓવારણા લેવા માટે નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ દરમિયાન રાયસણ અને જી એન એલ યુ ખાતે નાગરિકો સાથે સંવાદ કરશે.